# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 25-09-2024** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રૂપલ જાની** વાંચે છે.

---

1. સૌરાષ્ટ્ર અને કચ્છના ખેડૂતોને મગફળીના પાક માટે હવે 8 ને બદલે 10 કલાક વીજળી અપાશે.
2. ગીરના સિંહોના સંરક્ષણ માટે ગીર આસપાસના 1.84 લાખ હેક્ટરનો વિસ્તાર 'ઇકો સેન્સિટિવ ઝોન' જાહેર
3. રાજ્યમાં હવે શાળાના વિદ્યાર્થીઓ માટે EKYCની પ્રક્રિયા ફરજિયાત
4. સાબરકાંઠામાં હિમંતનગર હાઇવે નજીક આજે સવારે થયેલા માર્ગ અકસ્માતમાં 7 નાં મોત
5. અને દક્ષિણ ગુજરાત સહિત રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

## STATE ELECTRICITY

રાજ્ય સરકારે સૌરાષ્ટ્ર અને કચ્છના ખેડૂતોને મગફળી સહિતના ઉભા પાક માટે 8 કલાકને બદલે 10 કલાક વીજળી આપવાની જાહેરાત કરી છે.

ગાંધીનગરમાં આ અંગે માહિતી આપતા ઊર્જામંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું કે સૌરાષ્ટ્ર અને કચ્છના જે જિલ્લાઓમાં વરસાદ ખેંચાયો છે, ત્યાં ઉભા પાકોને બચાવવા માટે ખેડૂતોના હિતમાં આ નિર્ણય લેવાયો છે.

તેમણે વધુમાં કહ્યું કે ..

(BYTE – ઊર્જામંત્રી કનુભાઈ દેસાઈ)

-----------------------------------

## GIR ECO SENSITIVE ZONE

ગીરના સિંહોના રક્ષણ માટે કેન્દ્ર સરકારે ગીર આસપાસના કુલ 1.84 લાખ હેક્ટર વિસ્તારને ઇકો સેન્સિટિવ ઝોન જાહેર કર્યો છે. આ ગીર રક્ષિત વિસ્તારના ફરતે ત્રણ જિલ્લાના કુલ 196 ગામ તેમજ 17 નદીઓનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત નવીન ઝોનમાં જૂનાગઢ, અમરેલી અને ગીર સોમનાથ જિલ્લાના વિસ્તારનો સમાવેશ થાય છે. આ ઝોનમાં 24 હજાર હેક્ટરથી વધુ વન વિસ્તાર તેમજ 1.59 લાખ હેક્ટર બિન જંગલ વિસ્તારનો સમાવેશ થાય છે. આ અંગે સરકારે બહાર પાડેલા જાહેરનામા અનુસાર ઇકો-સેન્સિટિવ ઝોન વિસ્તારનું

અંતર સૌથી ઓછામાં ઓછુ ૨.૭૮ કિ.મી. અને વધુમાં વધુ ૯.૫૦ કિ.મી. રાખવામાં આવ્યું છે.

આ અંગે માહિતી આપતા વન અને પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરાએ જણાવ્યું કે ઇકો સેન્સિટિવ ઝોન નક્કી થવાથી સ્થાનીક વિકાસ સહિતની વિવિધ પ્રવૃત્તિઓને વેગ મળશે.

---------

## EKYC FOR STUDENT

રાજ્યમાં હવે શાળાના વિદ્યાર્થીઓ માટે EKYCની પ્રક્રિયા ફરજિયાત બનાવાશે.

રાજ્યના શિક્ષણંત્રી કુબેર ડીંડોરે મહિસાગરમાં એક કાર્યક્રમમાં આ વિશે માહિતી આપતા જણાવ્યું કે કેટલાક વિદ્યાર્થીઓ માટે નામ બારકોડ રાશનકાર્ડમાં ઉમેરાયા નથી, આવા વિદ્યાર્થીઓના EKYC વ્યવસ્થા શરૂ કરાઈ છે. વધુમાં મંત્રીએ જણાવ્યું કે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પ્રી-મેટ્રિક અને પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ લેવાની હોય છે, આથી આ પ્રક્રિયા માત્ર એક વાર કરવાની રહે છે, જેથી તેનો ફાયદો લાંબા સમય સુધી મળતો રહે.

(બાઇટ- કુબેર ડિંડોર, શિક્ષણમંત્રી)

.................

## SABARKANTHA ACCIDENT

સાબરકાંઠામાં હિમંતનગર હાઇવે પર થયેલા એક માર્ગ અકસ્માતમાં 7 લોકોના મોત થયાના અહેવાલ છે.

અમારા પ્રતિનિધિ યોગેશ સથવારા જણાવે છે કે આ મુસાફરો શામળાજીથી અમદાવાદ જઈ રહ્યા હતા. દરમિયાન કાર ટ્રેલરની પાછળ અથડાતા તેમના ઘટનાસ્થળે જ મોત થયા હતા. જ્યારે એકની હાલત ગંભીર છે. તમામ મૃતકો અમદાવાદના રહેવાસી હોવાનું જાણવા મળ્યું છે. અકસ્માત અંગેના સમચાર મળતા હિમ્મત નગર પોલીસે ઘટના સ્થળે પહોંચી આગળની તપાસ હાથ ધરી હતી.

-------------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટ્વિટર હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

.....................................

## GUJARAT RENEWABLE ENERGY

રાજ્યમાં કોઈપણ નાના અને મધ્યમ ઉદ્યોગો સોલર પાર્ક, વિન્ડપાર્ક અથવા હાઇબ્રીડ પાર્ક ડેવલપ કરી શકશે. સાથે જ તેઓ પાર્કમાં ઉત્પાદિત થતી ઊર્જા અથવા ઉત્પાદકોને નાના તેમજ મધ્યમ વર્ગના ઉદ્યોગોને વેચાણ કે ટ્રાન્સફર કરી શકશે.

વર્ષ ૨૦૩૦ સુધીમાં ભારતની રિન્યુએબલ કેપેસીટી ૫૦૦ GW તેમજ ગુજરાતની રિન્યુએબલ એનર્જી કેપેસીટી ૧૦૦ GW સુધી પહોંચડવામાં આ નિર્ણય મહત્વપૂર્ણ પૂરવાર થશે તેમ રાજ્યના ઊર્જા મંત્રીન કનુભાઈ દેસાઈએ જણાવ્યું.

વધુમાં તેમણે ઉમેર્યું કે આ નિર્ણયથી અંદાજિત ૩૦૦ મેગાવોટના પ્રોજેક્ટ કમિશન થઈ શકશે. અને આગામી ચાર વર્ષમાં જાહેર ઉપયોગમાં બે ગીગાવૉટના નવા પ્રોજેક્ટ પણ ડેવલપ થશે. જેનાથી અંદાજિત ૧,૦૦,૦૦૦ જેટલા પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારીનું સર્જન થશે.

-----------------------------------

## GUJ. WEATHER

હવામાન વિભાગે દક્ષિણ ગુજરાત સહિત રાજ્યના કેટલાક ભાગોમાં ભારેથી અતિભારે જ્યારે કેટલાક ભાગોમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. આ વિશે વધુ માહિતી આપી રહ્યા છે હવામાન વિભાગના વૈજ્ઞાનિક અશોક કુમાર દાસ....

(BYTE – અશોક કુમાર દાસ)

રાજ્યમાં છેલ્લા 24 કલાકમાં 21 જિલ્લાના 95 તાલુકામાં હળતોથી મધ્યમ વરસાદ નોંધાયાના અહેવાલ છે. સત્તાવાર આંકડા મુજબ, રાજ્યમાં અત્યાર સુધી મોસમનો કુલ સરેરાશ 127 ટકા વરસાદ વરસ્યો છે. આમાંથી સૌથી વધુ 183 ટકા વરસાદ કચ્છમાં, 132 ટકા દક્ષિણ ગુજરાતમાં અને 130 ટકા સૌરાષ્ટ્ર ઝોનમાં ખાબક્યો છે.

રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર નર્મદા બંધ સંપૂર્ણ ભરાવવા આવ્યો છે. હાલમાં રાજ્યના 155 બંધ હાઈ-અલર્ટ, 11 બંધ અલર્ટ અને આઠ બંધ ચેતવણી પર રખાયા છે.

-----------------

## SWACCHTA HI SEVA - DISTRICT

રાજય સરકાર દ્વારા સમગ્ર રાજયમાં સ્વચ્છતા હી સેવા -૨૦૨૪ અભિયાનને 17 સપ્ટેમ્બરથી 31 સપ્ટેમ્બર સુધી લંબાવવામાં આવ્યું છે.

સુરેન્દ્રનગરના અમારા પ્રતિનિધિ દિનેશ પરમાર જણાવે છે કે સુરેન્દ્રનગરમાં અત્યોદય દિવસ થીમ અતંર્ગત સફાઈ કર્મચારીઓને પીપીઈ કીટનું વિતરણ કરાયું હતું. આ ઉપરાંત આરોગ્ય શાખાની ટીમ દ્વારા દરેક સફાઈ કર્મચારીઓના આરોગ્યની તપાસ કરવામાં આવી.

તો મહેસાણાના અમારા પ્રતિનિધિ જયંતિ ચૌધરી જણાવે છે કે જિલ્લામાં પ્રથામિક આરોગ્ય કેન્દ્ર ખેરાલુના ચાણસોલ ખાતે સફાઈ કામદારોની વિના મૂલ્યે

આરોગ્ય તપાસ કરવામાં આવી હતી. તેમજ વડનગર તાલુકાના સુઢિયા ગામે સફાઈ કામદારોને ચેકઅપ કાર્ડ તેમજ સફાઈ ઝાડુનું વિતરણ કરાયું હતું.

આ તરફ છોટાઉદેપુર જિલ્લામાં સ્વચ્છતાના અનેક કાર્યક્રમો યોજાયા હતા. જેમાં છોટાઉદેપુર તાલુકાના ઝોઝ અને ફેરકુવા ગામમાં સામૂહિક શ્રમદાન થકી ગ્રામપંચાયત અને જાહેર રસ્તાની સાફ-સફાઈ, મલાજા સબ હેડ વર્કની સાફ સફાઈ કરવામા આવી. જ્યારે બોડેલી તાલુકા ઢોકલિયા ખાતે સફાઈ કર્મીઓ દ્વારા સ્કૂલ પટાંગણ તથા ગ્રામપંચાયત ઓફિસની સાફ-સફાઈ કરવામાં આવી.

પંચમહાલ જિલ્લા કલેક્ટર આશિષ કુમારે હાલોલના જ્યોતિ સર્કલથી યાત્રાધામ પાવાગઢ તરફ જતાં પદયાત્રાના માર્ગ પર સ્વચ્છતાનું નિરિક્ષણ કરતા દબાણો ત્વરિત દૂર કરવા અધિકારીઓને આદેશ આપ્યા હતા.

બોટાદ જિલ્લામાં ચિત્ર સ્પર્ધા, રેલી, મેરેથોન દોડ, રંગોળી સ્પર્ધા, નિબંધ સ્પર્ધા સ્વચ્છતાને લગતા પોસ્ટર્સ – બેનર્સ લગાવવા સહિતના કાર્યક્રમો થકી લોકોને સ્વચ્છતા અને સ્વસ્થતા અંગે જાગૃત કરવામાં આવી રહ્યાં છે.

સાબરકાંઠા જિલ્લામાં સફાઈ મિત્રો માટે આરોગ્ય કેમ્પ યોજવામાં આવ્યો હતો.

---------------

## NEWS IN BRIEF

**હવે રાજ્યના કેટલાક સમાચાર સંક્ષિપ્તમાં....**

- પંડિત દિન દયાલ ઉપાધ્યાયની આજે 108મી જન્મજયંતિ છે, આ પ્રસંગે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા મંત્રી જગદીશ વિશ્વકર્માની ઉપસ્થિતિમાં પુષ્પાંજલિ કાર્યક્રમ યોજાયો હતો.

- કેન્દ્રશાસિત પ્રદેશ દીવ અને દમણ ખાતેના ભાજપ કાર્યાલયમાં પંડિત દીનદયાલ ની જન્મ જયંતિ નિમિત્તે પુષ્પાંજલિ કાર્યક્રમ યોજાયો. તો ભાવનગર શહેર ભાજપ દ્વારા કાર્યાલય તેમજ શહેરના તમામ વોર્ડ અને બૂથ સ્તરે પણ પુષ્પાંજલિ કાર્યક્રમ યોજાયા હતા.
- ભરૂચના અંકલેશ્વરમાં એક યુવાને સોશિયલ મીડિયામાં કથિત રીતે ધર્મ વિરોધી ટિપ્પણી કરતા સ્થાનિક લઘુમતી સમુદાયે કલેક્ટરને આવેદનપત્ર લખીને પગલાં લેવાની માગ કરી હતી.
- કચ્છના લખતર ખાતે યોગ સંવાદ અને વ્યસન મુક્તિ કાર્યક્રમ યોજાયો હતો.
- સરેન્દ્રનગર તથા ઔદ્યોગીક તાલીમ સંસ્થા ચોટીલા દ્વારા તાલુકા કક્ષાનો રોજગાર ભરતી મેળો યોજાયો હતો. આ મેળામાં 203 યુવાનો હાજર રહ્યા હતા, જેમાંથી યોગ્યતા અને લાયકાતને આધારે 148 ઉમેદવારોની પસંદગી કરવામાં આવી.
- ભાવનગરના સિહોર તાલુકામાં અમર કૃષિ ખેડૂત ઉત્પાદક સંસ્થાની વાર્ષિક સાધારણ સભા યોજાઈ હતી. જેમાં ખાનગી કંપનીઓ સામે ખેડૂતોએ સંગઠિત બનવા અંગેના પ્રસ્તાવ પર ચર્ચા કરાઈ.
- બોટાદ જિલ્લાના નાની વાવડી કુમાર પ્રાથમિક શાળા ખાતે શિક્ષક સન્માન સમારોહમાં મદદનીશ શિક્ષક અશોક કુમાર મહાદેવભાઈ કાંજીયાને વર્ષ ૨૦૨૪ માં રાજ્ય શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિકથી સમ્માનિત કરાયા.